**અમદાવાદના મે.એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૬, અમદાવાદ**

ક્રિ.પ.અ.નં. ૪૦૭૨/૨૦૧૯.

**–:: આંક–૧ લગત હુકમ ::–**

(૧) અરજદારે હાલની અરજી જન્મ–મરણ નોંધણી અધિનિયમની કલમ–૧૩(૩) હેઠળ તેમની **પુત્રી** નામે '' **કુસુમબહેન ''ના** જન્મની નોંધ કરાવવા માટે દાખલ કરેલ છે. અરજદારે અરજીમાં એવી હકીકતો જણાવેલ છે કે, તેમની **પુત્રી** નામે કુસુમબહેન કાંતીલાલ પટેલનો જન્મ તા.૧૪–૭–૧૯૭૧ ના રોજ ત્રિકમપુરા, રામોલ–અમદાવાદ મુકામે થયેલ છે અને જે તે વખતે તેમની **પુત્રી**ના જન્મની નોધ જન્મ–મરણ નોંધણી અન્વયે સામાવાળાના રેકર્ડમા કરાવવાની રહી ગયેલ છે, અને હાલે જન્મના દાખલાની જરુરીયાત તેમની પુત્રીના પાસપોર્ટ અને વીઝાના કામ માટે જરુરત પડતા હાલની અરજી તેમની ઉપરોકત **પુત્રી**ના જન્મની નોંધ કરાવવા માટે આપેલી છે. અરજદારે અરજીમાં તેમની **પુત્રી**ના જન્મની નીચે મુજબની વિગતો આપેલ છે.

જન્મનારનું પુરૂ નામ :– કુસુમબહેન કાંતીલાલ પટેલ

જન્મતારીખ :– તા. ૧૪–૭–૧૯૭૧.

જન્મસ્થળ :– ત્રિકમપુરા, રામોલ–અમદાવાદ

પિતાનું નામ :– કાંતિલાલ છોટાભાઈ પટેલ

માતાનું નામ :– વિમળાબેન

જન્મ સમયે સરનામું :– ત્રિકમપુરા, રામોલ–અમદાવાદ

(૨) ઉપરોકત મુજબની વિગતો હોઈ અને જે તે વખતે જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોઈ તેથી સામાવાળા અરજદારની **પુત્રી**ના જન્મની નોંધ કરી જન્મનો દાખલો કાઢી આપે તેવી દાદ માંગેલ છે.

(૩) આ અરજી દાખલ થતાં અરજી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે અને કામ અરજદારના પુરાવા માટે રાખવામાં આવેલ છે. અરજદારે પોતાની અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**<u>અરજદાર તરફે રજુ થયેલ મૌખિક પુરાવા.</u>**

| **અ.નં.** | **વિગત.** | **આંક** |
|---|---|---|
| ૧. | અરજદારની સરતપાસની એફીડેવીટ. | ૦૮ |
| ૨. | સાહેદ શશીકાંત છોટાભાઈ પટેલની સરતપાસની એફીડેવીટ. | ૦૯ |
| ૩. | સાહેદ સુશીલાબેન શશીકાંત પટેલની  સરતપાસની એફીડેવીટ. | ૧૦ |
| ૪. | સાહેદ રમેશભાઈ દાજીભાઈ પટેલની સરતપાસની એફીડેવીટ | ૧૧ |

**<u>અરજદાર તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા</u>**

| | | |
|---|---|---|
| ૧. | અ.મ્યુ.કો.નું નો–રેકર્ડ સર્ટીફીકેટ. | ૦૪ |
| ૨. | સ્કુલ લીવીગ સર્ટીફીકેટની નકલ. | ૦૫ |
| ૩. | શાળાના જનરલ રજીસ્ટરનો ઉતારો. | ૦૭ |

આ કામે અરજદારે આંક–૧૨ થી કલોઝીગ પુરશીશ રજુ કરેલ છે.

(૪) આ અરજી ઈન્કવાયરી સ્વરુપની હોઈ જેથી અરજદારે જે સરતપાસનું સોગંદનામું આપેલ છે તે પણ સી.આર.પી.સી.કલમ–૨૯૬ હેઠળ ગ્રાહય હોઈ જેથી તેને ઘ્યાને લેવામાં આવેલ છે.

(૫) આ કામે અરજદારણના રજુ થયેલા પુરાવા જોતાં અરજદારના પુત્રની  જે તે વખતે જન્મની નોંધ થયેલ ન હોવાનું જણાય છે. અરજદારના પુરાવા જોતાં અરજદારની **પુત્રી કુસુમબહેન કાંતીલાલ પટેલનો જન્મ તા. ૧૪–૭–૧૯૭૧** ના રોજ થયેલ હોય તેવું જણાય છે તે સંજોગોમાં આ અરજી મંજુર કરવાપાત્ર જણાય છે જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

અરજદારની હાલની અરજી **મંજુર** કરવામાં આવે છે.

આ કામના સામાવાળાને એવો આદેશ કરવામાં આવે છે કે, અરજદારની નીચે મુજબની વિગતો નોંધી જરુરી લેઈટ ફી વસુલ લઈ અરજદારની **પુત્રી** નામે **કુસુમબહેન કાંતીલાલ પટેલના** જન્મની નોંધ કરી જન્મનો દાખલો કાઢી આપવાનો હુકમ ફરમાવું છું.

જન્મનારનું પુરૂ નામ :– કુસુમબહેન કાંતીલાલ પટેલ

જન્મતારીખ :– તા. ૧૪–૭–૧૯૭૧.

જન્મસ્થળ :– ત્રિકમપુરા, રામોલ–અમદાવાદ

પિતાનું નામ :– કાંતિલાલ છોટાભાઈ પટેલ

માતાનું નામ :– વિમળાબેન

જન્મ સમયે સરનામું :– ત્રિકમપુરા, રામોલ–અમદાવાદ

આ હુકમની યાદી સામાવાળાને કરવી.

આજરોજ તા. ૧૧ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૧૯ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૧૧–૯–૨૦૧૯.
અમદાવાદ.

( બકુલભાઈ વિજયસિંહ વસાવા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૬, અમદાવાદ.
UNIC CODE NO.GJ-01127

JR RAVAL, PA